# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

ખાયકી કર્યાં છતાં, શરમ નથી, દિગંબર છે,
બચાવ માટે વાંચે પુત્રનો પત્ર પિતાંબર છે,
શ્વેતાંબરને લાગ્યા છે કાળા ડાઘ ટેલિફોનના-
સર્કસ છે ખાયકીનું આખું બધા ચિદંબર છે
(કૌભાંડો ની કેબીનેટ)

આજેય પણ -
ધૂજાવે લોકસભા,
આંબેડકર..
(જેને કોઇ ન પહોંચે એને પ્હોચે પેટ સિબ્બલે માફી માગી)

કટ્ટરતા માં,
કોઇ, કોઇનું નથી -
પક્ષ - વિરોધ..

## ચિંતન

**સપ્તૈતાનિ ન પૂર્યન્તે પૂર્ચમાણાન્યને કેશઃ ।**
**બ્રાહ્મણો - અગ્નિર્યમો રાજા પયોધિરુદરં ગૃહમ્ ॥**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ - 'સામાન્ય નીતિ' - માં એવાં સાત વાનાની યાદી આપી છે જેને ક્યારે ય સંતોષ થતો નથી એટલે કે નિરંતર ભરવાથી પણ ક્યારેય ભરાતાં નથી અને અધૂરાં-અતૃપ્ત જ રહે છે :

(૧) બ્રાહ્મણ : ક્રિયાકાંડે કરાવનાર કે યાચક બ્રાહ્મણ ને જે કંઇ દાન-દક્ષિણા આપો તેમાં એ લગભગ સંતુષ્ટ હોતા નથી, એમની અપેક્ષાઓ તો કંઇક વિશેષ પામવાની જ સદા રહે છે (૨) અગ્નિ : યજ્ઞકુંડ હોય કે દાવાનળ હોય એકવાર પ્રજ્વલ્લિત થયા પછી એને આપોઆપ સંતોષ થતો નથી, બસ હવે બહુ-બહું બળી ગયું શાંત થાવ! અને ઠારવા પ્રયત્ન કરવા જ પડે! (૩) યમરાજ : ગમે તેટલા જીવ મારે છતાં તેના ભોગ તો લોકો બન્યા જ કરે, એક-એક મરે કે સમૂહ મૃત્યુ પણ થાય. ધરતીકંપ-રોગ વગેરે.. (૪) રાજા : પ્રજા પાસેથી કેમ કર વસૂલ કરું એવી ભાવના ભરી વૃત્તિથી જ રાજ કરે છે. પ્રજાને ચૂસે છે (૫) સમુદ્રમાં અનેક નદીઓ ઠલવાય છતાં એ ભરાઇ જતો નથી, પાણીનું સ્તર જરા સરખું પણ વધતું નથી (૬) પેટમાં દિવસમાં ત્રણ-ચાર વાર નાખો છતાં સવારે તો ખાલી જ! (૭) અને ઘર, રીપેરીંગ-સુશોભન-જરૂરિયાતો પૂર્ણ થતી જ નથી, ગમે તેટલું ખર્યો છતાં કંઇક તો બાકી રહી જાય. હવે.. આના લગ્ન વખતે વાત..!!

## સુવિચાર

- પ્રેમ મિલનના અભાવમાં, અને વિરહની વ્યથામાં વધારે મધુર લાગે છે - **શરદબાબુ**
- સલાહ, સિધ્ધાંત, ચિંતન-મનનના સમુદ્ર કરતાં આચરણનું એક બિંદુ ચડિયાતું છે - **શ્રી માતાજી**
- ભગ્ન હૃદયને દિલાસો આપી સાંધવું એ જ સાચી પ્રાર્થના છે - **સાધુ વાસવાણી**
- શાંતિ લાકડીના જોરે સ્થાપી શકાતી નથી, એ તો અરસપરસની સમજૂતિથી જ લાવી શકાય છે - **આઇનસ્ટાઇન**
- જોઇ શકનારા, જોવા છતાં સાચું દર્શન કરી નથી શકતા એ શોચનીય છે- **હેલન કેલર**
- ચિત્કાર અને આક્રોશ તો દુઃખનો સ્વભાવ જ છે - **વીર સાવરકર**
- જે સાધના થકી આનંદની પ્રાપ્તિ થતી નથી એ સાધના જ નથી - **સ્વામી રામદાસ**

## બોધકથા

અધ્યાત્મમાં માનસિક શાંતિ, દિવ્ય આનંદ સાક્ષાત્કાર કેમ થાય એની આપણને ગતાગમ જ નથી, એનો લાભ મેલા બાબાઓ (નિર્મલ) ઉઠાવે છે. આપણી અંધશ્રધ્ધા અને અજ્ઞાન એવાં છે કે બહેન કહે, મને બાળક થતું નથી - તો 'બાબા કહે સમોશા ખા' અને બહેન ખૂશખૂશાલ! હવે આવાં લોકોને આધ્યાત્મિકતાથી લાગે કે વળગે?

જાપાનના કાકુઆ નામના ચિંતકે ચીનમાં જઇ ઝેન ધર્મની ઉપાસના કરી, દીક્ષા લીધી અને 'જ્ઞાની' થઇ જાપાન પાછા આવ્યા. એમના બોધ અને આર્શીવાદનો પ્રભાવ વધવા લાગ્યો.

જાપાનના રાજાએ કાકુઆને પોતાના દરબારમાં પધારી 'શાંતિ' પર ઉપદેશ આપવા નિમંત્રણ આપ્યું. શહેરની પ્રજા પણ હાજર રહી કાકુઆનો ઉપદેશ સાંભળવા દરબાર ઠકડેઠઠ ભરાઇ ગયો. પગ મૂકવાની જગ્યા નહીં, લાયક, નાલાયક બધાં ને 'શાંતિ' પ્રાપ્ત કરવાની તીવ્ર ઇચ્છા હતી.

કાકુઆ પધાર્યા. પોતાના આસને બેઠા, બધાને વંદન કરી સૌને સ્મિત આપ્યું. દરબારમાં 'શાંતિ' છવાઇ ગઇ, ત્યાં કાકુઆએ ધીરેકથી પોતાની ઝોળીમાંથી એક વાંસળી કાઢી અને શાંતિ-આહ્લાદક સૂરમાં એક ધૂન છેડી. રાજા, સભાજનો ડોલવા લાગ્યાં, કેટલાક તો આંખ મીંચી 'ધ્યાન'માં ચાલ્યા ગયા..

અર્ધા કલાક પછી વાંસળી ઝોળીમાં મૂકી, સ્મિત સાથે દરબાર છોડી નિકળી ગયા..

આ હતો 'શાંતિ' નો ઉપદેશ..

# અર્જુનના લક્ષ્યવેધ સમાન સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેનું પ્રેરણાદાયી પુસ્તક

**વધુ પડતી મહેનત નહિ, પરંતુ વ્યવસ્થિત પધ્ધતસિરની અને સફળતાને ધ્યાનમાં રાખીને કરવામાં આવેલી એક નિષ્ઠ મહેતન જ તમને પરીક્ષાની વૈતરણી પાર કરાવે છે**

## શબ્દ સમીપે

- નટવર હેડાઉ

જીવનની સફળતા - નિષ્ફળતા કંઇ નાની મોટી પરીક્ષાઓથી નક્કી થતી હોતી નથી તેમ છતાં મોટા ભાગના લોકો માટે ભણતરની એટલે કે અભ્યાસક્રમની પરીક્ષાઓ એક રીતે માપદંડ બનીને આવતી હોવાથી તેનાથી એ અતિશય ગભરાયા હોય છે. અથવા તો મળેલી સફળતાને વધારે પડતી બિરદાવવામાં આવતી હોય છે.

શાળા - કોલેજ અને યુનિવર્સિટીની પરીક્ષાઓ સફળતાપૂર્વક પાસ કર્યા પછી રોજગારલક્ષી નોકરીઓની પરીક્ષાઓ મોં ફાડીને ઊભી હોય છે. ખરી પરીક્ષાઓ તો આજ છે. કારણ કે તેમાંથી સફળતા વ્યક્તિને યોક્કસ સ્થાન અને રોજગારી મેળવી આપે છે. અભ્યાસક્રમની પરીક્ષાઓ અને તેની સફળતા તમને તે પછીની સ્પર્ધાત્મક પરીક્ષા માટે લઘુત્તમ લાયકાત ન હોય તો તમે સ્પર્ધાત્મક પરીક્ષાનું ફોર્મ પણ ભરી ન શકો. સ્પર્ધાત્મક પરીક્ષા શબ્દ સમુહએ બતાવે છે કે સ્પર્ધામાં પરીક્ષા માટે લઘુત્તમ લાયકાત મેળવી આપે છે. એ લાયકાત ન હોય તો તમે સ્પર્ધાત્મક પરીક્ષાનું ફોર્મ પણ ભરી ન શકો. સ્પર્ધાત્મક પરીક્ષા શબ્દ સમુહ એ બતાવે છે કે સ્પર્ધામાં આગળ રહેનારની જીત થાય છે. કોલેજની પરીક્ષામાં પાસ થવાનું મહત્ત્વ છે. તો સ્પર્ધાત્મક પરીક્ષામાં આગળ રહેવાનું મહત્ત્વ છે. માત્ર પરીક્ષા પાસ કરવી એટલું પૂરતું નથી. યુનિવર્સિટીની પરીક્ષામાં પાસ ક્લાસ મેળવનાર પણ પોતાના નામ પાછળ આખી જિંદગી ડિગ્રી લગાવી શકે છે. જ્યારે સ્પર્ધાત્મક પરીક્ષામાં આગળ ન રહેનાર પ્રતિક્ષા યાદીમાં મુકાય છે, ને તેથી પાછળ રહેનાર ભુલાઇ જનારની યાદીમાં મુકાઇ જતો હોય છે.

કોઇ પરીક્ષા પણ સફળતાપૂર્વક અને અગ્રતા ક્રમે પાસ કરવા માટે પધ્ધતિસરની મહેનત કરવી પડે છે. નેપોલિયન ખરેખરું યુધ્ધ જીતતાં પહેલાં નકશા પર યુધ્ધ જીતતો હતો. તેથી પરીક્ષાર્થીઓ જૂના પ્રશ્ન પત્રો કે મોક પ્રશ્નપત્રો સમય મર્યાદામાં ઉત્તમ રીતે લખવાની કવાયત કરતા રહેતા હોય છે. આ માટે સાધનો તો પુષ્કળ છે. પરંતુ તેમાંથી ક્યાં ઉત્તમ છે અને તે કંઇ રીતે ખપનાં છે તેની સૂઝ આપણને હોવી જોઇએ.

ઘણીવાર રાતદિવસ મહેનત કરનારા નાપાસ થતાં હોય છે. ક્યારેક પરીક્ષાર્થીને કે તેના મા-બાપને માટે આ હકીકત આઘાત જનક પુરવાર થતી હોય છે. પરંતુ તેનું વ્યવસ્થિત નિદાન કરવામાં આવે તો ખબર પડે કે તેણે કેટલાં બુઠ્ઠાં સાધનો વાપર્યા હશે અને કેટલાંક ધારદાર સાધનો વિશે તે અજ્ઞાન હશે. તે બાબતની સ્પષ્ટતા કરતાં સ્પિપાના ભૂતપૂર્વ સંયુક્ત નિયામક ડંકેશ ઓઝા કહે છે કે, વધુ પડતી મહેનત નહિ, પરંતુ વ્યવસ્થિત પધ્ધતસિરની અને સફળતાને ધ્યાનમાં રાખીને કરવામાં આવેલી એક નિષ્ઠ મહેતન જ તમને પરીક્ષાની વૈતરણી પાર કરાવે છે.

'આજનો યુગ સ્પર્ધાત્મક યુગ છે.' એ સર્વવિદિત છે. તેમાંય સ્પર્ધામાં ટકી રહી વધવા કઠોર પરિશ્રમ જરૂરી છે. આ કઠોર પરિશ્રમ કરનાર પાસે સારું સાહિત્ય હોય તો સોનામાં સુગંધ ભળી જાય. ઉમેદવારની ભાષા અભિવ્યક્તિ અને લેખન કૌશલ્ય ચકાસવા માટે ગુજરાતી ભાષા - વિષયના પ્રશ્નો પુછાય છે. તેથી તેમાં સજ્જતા કેળવવી જરૂરી છે. ત્યારે સામાન્ય ગુજરાતી અંગેનું દિનુ ભદ્રેસરીયાનું પુસ્તક ખુબ જ ઉપયોગી નીવડે તેવું છે. તેમાં ધોરણ-૧૦/૧૨ થી શરૂ કરીને ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ અને જીપીએસસી તથા યુપીએસસીની પરીક્ષાના અભ્યાસક્રમમાં સમાવાયેલા જોડણી, સમાનાર્થી-વિરૂધ્ધાર્થી શબ્દો, શબ્દ સમૂહ માટે એક શબ્દ, રૂઢિપ્રયોગો, ગુજરાતી કહેવતો, સંધિ, સમાસ, ક્રિયાપદ, પદક્રમની ગોઠવણી, પદ વિન્યાસ, વાક્ય અને વાક્યના પ્રકારો, વિરામ ચિન્હો વિગેરે સમાવ્યાં છે. તો વિભાગ-૨માં સંક્ષેપ - સંક્ષેપીકરણ કે સાર રૂપે ટૂંકાણ સાર અંગે ઉદાહરણ સાથે સમજાવવામાં આવ્યું છે. વિભાગ-૩ કાવ્યકંડિકા વિચાર વિસ્તારનો છે તો વિભાગ-૪ અરજી લેખન, જાહેરનામું અને પરિપત્ર વિષે વિષદ માહિતી પુરી પાડે છે. વિભાગ-૫ અહેવાલ લેખન અને લોક વિચાર - લોક મંતવ્ય કે ચર્ચા પત્ર લખવાની પધ્ધતિ સમજાવે છે. જ્યારે વિભાગ-૬માં નિબંધ લેખન અને નમૂનાના પ્રશ્નપત્રો આપવામાં આવ્યાં છે. એ રીતે આ પ્રકાશન વિદ્યાર્થીઓને સમીક્ષા જ નહિ ભવ્ય સફળતા અપાવનારું નિવડે તેવું છે.

સ્કૂલ કોલેજના વિદ્યાર્થીઓ માટે તથા સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉપયોગી થાય તેવું ભાષા અભિવ્યક્તિ અને લેખન કાર્ય અર્થે સામાન્ય ગુજરાતી પુસ્તક ડિવાઇઝ પબ્લિકેશન્સ અમદાવાદ પ્રા. અમૃતભાઇ ચૌધરી દ્વારા પ્રગટ કરવામાં આવ્યું છે જે કોઇને ઉપયોગી સાબિત થાય તેવું છે.

સામાન્ય ગુજરાતી
લેખક - દિનુ ભદ્રેસરિયા
પ્રકાશક - ડિવાઇન પબ્લિકેશન્સ
૩૦, ત્રીજે માળ, કૃષ્ણ કોમ્પલેક્ષ, જૂનું મોડેલ સિનેમા, ગાંધી રોડ, અમદાવાદ-૧
મો. ૯૪૨૭૦૧૨૧૮૫
અધ્યન આવૃત્તિ - ૨૦૧૧
કિંમત રૂા. ૧૨૫/-

# માનવીય સંસ્કૃતિ સ્ત્રી અને પુરૂષ બંનેના સમાન સંઘર્ષનું પરિણામ છે, જ્યારે પણ સ્ત્રીઓ પર અત્યાચાર ગુજારવામાં આવશે અને તેના પ્રાકૃતિક અધિકારો પર તરાપ મારવામાં આવશે તો આ બાબત સમાજ માટે હાનિકારક સાબિત થશે

## હું રસ્તે રઝળતી વારતા

- અયના પટેલ

➪ નામ : તવક્કુલ કરમાન
➪ જન્મ તારીખ : ૭ ફેબ્રુઆરી ૧૯૭૯
➪ રાષ્ટ્રીયતા : યમન
➪ વ્યવસાય : પત્રકાર, રાજકારણી અને હ્યુમન રાઇટ્સ એક્ટિવિસ્ટ
➪ પ્રેરણા : મહાત્મા ગાંધી, માર્ટિન લ્યુથર કિંગ જૂનિયર, નેલ્સન મંડેલા
➪ રાજનૈતિક પાર્ટી : અલ-ઇસ્લાહ
➪ ચળવળ : જાસ્મીન રિવોલ્યુશન
➪ ધર્મ : મુસ્લિમ
➪ પતિ : મુહમ્મદ અલ નહમી
➪ બાળકો : ત્રણ
➪ વાલી : અબ્દુલ સલામ કરમાન
➪ પુરસ્કાર : નોબેલ શાંતિ પુરસ્કાર - ૨૦૧૧

૨૦૧૧ નું નોંબેલ શાંતિ પુરસ્કાર મેળવનાર તવક્કુલ કરમાનનો જન્મ, ૭ ફેબ્રુઆરી ૧૯૭૯ ના રોજ યમનમાં થયો. માત્ર ૩૩ વર્ષની ઉંમરમાં જ તેમણે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત કરી. યમનની જનતા દ્વારા કરમાનને તેમના સાહસ ભર્યા કાર્યો માટે 'લોખંડી મહિલા' અને 'ક્રાંતિની માતા' નું બિરૂદ પણ આપવામાં આવ્યું. કરમાન તે પ્રથમ આરબ અને દ્વિતીય મુસ્લિમ મહિલા છે કે જેને શાંતિ પુરસ્કાર આપવામાં આવ્યો અને સૌથી યુવાન વયે આ પુરસ્કાર મેળવવાનો યશ પણ તેમના જ ફાળે જાય છે. ૨૦૦૫માં તેમણે 'વુમન જર્નાલિસ્ટ વિથ આઉટ ચેન' ની સ્થાપના કરી અને 'જાસ્મીન ક્રાંતિ'ને સફળ બનાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી.

તવક્કુલ કરમાન એક એવી સાહસિક રાજનીતિક મહિલા આંદોલનકારી છે કે જે યમનની ક્રાંતિને છેક ન્યુયોર્ક સુધી લઇ ગયા અને જેમણે સંયુક્તરાષ્ટ્રના મહાસચિવ બાન કી મૂન જોડે ક્રાંતિ વિશે ખુલ્લી ચર્ચા કરી અને જેમણે યુનાઇટેડ નેશન્સનાં મુખ્ય મથક, કે જે મેંનહાટમાં સ્થિત છે, ત્યાં વિશાળ રેલીઓનું આયોજન પણ કર્યું. કરમાનની આ ચળવળનો મુખ્ય હેતુ યુનાઇટેડ નેશન્સ સિક્યુરિટી કાઉન્સિલ પર આ ક્રાંતિને અપનાવવા માટે દબાણ કરવાનો હતો. એ ક્રાંતિ કે જે નવ મહિના સુધી હજારો યમનીઓ દ્વારા કરવામાં આવેલ વિરોધનું પ્રતિબંધ હતી.

ઘણા આંતરરાષ્ટ્રીય અવલોકનકારોના મતે યમનમાં ચાલી રહેલી ક્રાંતિ હવે સાંકેતિક સ્વરૂપે મહિલા દ્વારા ચલાવવામાં આવી રહી છે એ એક આકર્ષણનો મુદ્દો હતો.

ક્રાંતિ અગાઉ કરમાનને ડર હતો, જે ઘણા યમનીઓના મનમાં પણ હતો કે યુનાઇટેડ નેશન્સ વારંવાર ગલ્ફ કો-ઓપરેશન કાઉન્સિલના અંદાજિત માપદંડોને સાહસિક ચળવળરૂપે આગળ લાવશે અને આ આ ચળવળના પ્રમુખ અલી અબ્દુલ્લાહ સાલેહ ચલાવશે, એ અલી અબ્દુલ્લાહ કે જેમના પરના આરોપો યમનીઓના વિરોધ માત્ર મહિનાઓમાં જ વધતા ગયા છે. આ યોજનાને યુનાઇટેડ સ્ટેટ્સ તરફથી સંપૂર્ણ ટેકો પ્રાપ્ત છે. યમનના પાડોશીઓએ પ્રમુખ અલી અબ્દુલ્લાહના કાયદાકીય વિરોધને સમર્થન આપ્યું છે. તેમજ મંજૂર પણ કર્યું છે. તેથી જ કરમાન ન્યૂયોર્કમાં કાર્યરત રહ્યા.

યુનાઇટેડ નેશન્સની સમક્ષ કરમાનની માગણી એવા રાજનૈતિક સુધારા માટેની છે કે જે યમનના પુરૂષો, સ્ત્રીઓ અને બાળકો માટે રાજકીય સ્વતંત્રતાને વધારે અને એક નવી પ્રણાલિકા ઊભી કરે કે જે જાહેર જનતા માટે વધારે જવાબદાર હોય. તે ફક્ત મહિલાઓના હક્કો માટે જ નહીં પરંતુ સમગ્ર યમનમાં ક્રાંતિ લાવવા કાર્યરત છે.

કરમાનને રાજકીય સમાજના સંદર્ભમાં પરિવર્તનના એક કારણ અને એક પ્રભાવ તરીકે સમજ્યા વગર, એ જોવું ઘણું મુશ્કેલ છે કે તેમણે શું રજૂ કર્યું છે અને શા માટે હજારો યમનીઓ તેમને એક અહિંસક આંદોલનકારી તરીકે સ્વીકારવા અને તેમને સંપૂર્ણ ટેકો આપવા તૈયાર છે. પોતાના દેશમાં થઇ રહેલાં વિભાજનોના વિરોધમાં ઇસ્લાહીઓનો ઉદય એ કરમાનની સફળતાની કહાણી છે. બીજી ઘણી ઇસ્લામી પાર્ટીઓની જેમ, કે જ ઇસ્લાહ પાર્ટીની સાથે અને તેની આસપાસના વિસ્તારમાં કાર્યરત છે, ઇસ્લામ પાર્ટી પણ પોતાનું અલગ વલણ ધરાવે છે.

કરમાન ઉપર દર્શાવેલ કારણો માટે નહીં, પરંતુ પોતાના સાહસભર્યા વ્યક્તિત્વ અને આંદોલનની યાદીને કારણે આ પુરસ્કાર માટે યોગ્ય હક્કદાર છે. એક મહિલા તરીકે કરમાનની આ સફળતા ઘણી મહિલાઓ માટે પ્રેરણા સમાન છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# ઓધવજી અને જમનાએ નિઃસ્તેજ વદને ઘરમાં પગ મૂક્યો, તેમની ચાલતી નશોનું લોહી થીજી ગયું હોય તેમ અવાક બની ગયા અને ખાટલામાં સૂતા ક્ષણ ભર તો તે સુધબુધ ગુમાવી બેઠા

## પરણેતરની પ્રીત

(સામાજિક ધારાવાહિક : પ્રકરણ-૨૦)

- જયંતીલાલ મકવાણા

મકાન માલિકના ઘેર ભાડું દેવા જતાં ઓધવજીએ તેમના પત્નીને કહ્યું, ''જમના, દેવાભાઈએ આપણને આજે જે મદદ કરી છે તે ભૂલી શકાય એમ નથી!''

''અરે, મુશ્કેલીના સમયે વીસ હજાર રૂપિયાની સહાય કોઈએ કરી નહી ત્યારે સંધ્યાના મિત્ર એ આપણને મદદ કરી'' સંધ્યાના મમ્મીએ કહ્યું.

''આપણા સગા હમદર્દી દાખવા આવ્યા નથી!''

''દેવાભાઈએ આપણને સહાય કરતા જીવનદાન મળી ગયું હોય તેવું લાગે છે.''

''આપણે તો આર્થિક રીતે ભાંગી ગયેલા વળી કોઈનો સહારો પણ હતો નહિ, આવા સમયે અચાનક દેવાની સહાય મળતા પાણીના અભાવે સુકાઈ રહેલા વૃક્ષને સિંચાઈ મળતા વૃક્ષ લીલુંછમ થવા લાગે તેવું જ આપણા જીવનમાં બન્યું હોય તેવું લાગે છે.'' જમનાએ કહ્યું,

મકાન માલિકના ત્રાસના કારણે આપણા પર આભ તૂટી પડેલને આવા સમયે જેટલા સગાં-સંબંધીઓ પાસે હાથ લાંબો કર્યા તે બધાએ મોં ફેરવી નાખેલ. કેટલાકની દાઢીમાં હાથ નાખવા છતાં વીલે મોંઢે પાછુ ફરવું પડેલ. આવી આર્થિક સંકડામણને લીધે આપણા દેહ સુકાઈ ગયેલા. પરંતુ, દેવાભાઈની સહાય મળી જતાં આપણાં દેહમાં શક્તિનો સંચાર થતાં ચહેરા પર પ્રસન્નતા છવાઈ ગઈ.'' ઓધવજીએ કહ્યું.

''સંધ્યાના બાપુ, આપણા સગા - સંબંધીઓ તો સ્વાર્થના સગા છે. પરંતુ દેવાભાઈ તો તદ્દન નિઃસ્વાર્થ યુવાન છે. અરે દેવાભાઈએ આપણને સહાય માટે પેઢીએ મળવા જવાનું કહ્યું અને પંદર હજારની આર્થિક સહાય પણ મળી ગઈ.''

''ખરેખર જમના, દેવાભાઈનો ઉપકાર માનીએ એટલો ઓછો છે.''

આમ વાતો કરતા કરતા મકાન માલિકનું ઘર આવી ગયું એટલે સંધ્યાના પપ્પાએ કહ્યું, ઠીક, હવે વાતો પછી કરીશું શેઠનું ઘર આવી ગયું.''

સંધ્યાના મા-બાપ મકાનમાં દાખલ થયાને પૂછ્યું, શેઠ ઘરે છે?

'હા... આવો...'

બેઠક રૂમમાં ઓધવજી અને જમના બેઠા. દાદરના પગથિયાં ઉતરતા શેઠે પૂછ્યું, ''કેમ આવવાનું થયું ઓધવજી?''

''શેઠ ભાડું આપવા આવ્યા છીએ''

''કેમ અચાનક સગવડતા થઈ ગઈ?''

''હા, શેઠ સગવડતા તો કરવી જ પડે ને!''

''કોઈના વ્યાજવા લીધા કે શું?''

''શેઠ, અમને કોણ વ્યાજવા આપે!''

''કોઈ વ્યાજવા રૂપિયા ન આપે તો એકાએક ભાડાના રૂપિયા ક્યાંથી આવી ગયા!'' શેઠે પૂછ્યું.

''શેઠ મારી દીકરીની ભણવા માટેની સહાય મંજૂર થઈ અને થોડી સગવડતા કરવા ભાડાના રૂપિયા અને ઘર ચલાવવાની સગવડતા થઈ ગઈ'' ઓધવજીએ કહ્યું.

સારું... સારું... સોફામાં બેસતા શેઠે કહ્યું.

''શેઠ, લો આ દસ હજાર રૂપિયા.''

શેઠે રૂપિયા લેતા કહ્યું, ''જો ઓધવજી, તમો આ મકાનમાં વીસેક વરસથી રહો છો એટલે જૂના ભાડુઆત તમે છો, અત્યારે ભાડા પણ વધી ગયા છે તેમ છતાં તમારું ભાડું વધાર્યું નથી સમજ્યા!''

''શેઠ અમારા પર તમારો ઘણો ઉપકાર છે. તમે પાંચ મહિના સુધી અમારી સગવડતા સાચવી લીધી. પણ શું કરીએ બાર સાંધતા તેર તૂટે ત્યાં કેમ નાણાં ભીડ ભાંગવી. આ કારમી મોંઘવારીમાં કુટુંબનું ભરણપોષણ કરવું. દીકરીને ભણાવવી, દવાદારૂના ખર્ચા કાઢ્યા બહુ મુશ્કેલ હતું, આતો તમો સારા છો કે દર મહિને ભાડું પણ માંગતા નહિ.'' ઓધવજીએ કહ્યું.

''આ બધુ તમારે વિચારવાનું હોય, હું તો ધીરજ રાખું પણ કેટલા મહિના સુધી ભાડું લીધા વીના બેસી રહું.''

''ના... શેઠ હવે તો દર મહિને નિયમિત ભાડું દઈ જઈશું.'' જમનાએ કહ્યું.

''અરે જમનાબેન, હવે મારે ભાડાની જરૂર નથી. હવે માટે આ મકાન વેચી દેવાનું છે.'' મકાન માલિકે કહ્યું.

મકાન માલિકની વાત સાંભળતા સંધ્યાના મા-બાપ સ્તબ્ધ થઈ ગયા, ને મનોમન તરંગે ચઢી ગયા હવે શું કરવું?

''કેમ ઓધવજી શું વિચારે ચઢી ગયા, શેઠનો પ્રશ્ન સાંભળતા ઓધવજી અને જમનાનું મોંઢુ ફિક્કું પડી ગયું ને મોં પર પરસેવો વળી ગયો તે કશું બોલી શકયા નહીં, તે શેઠના ઘરેથી ઉભા થયાને ગભરાતા ગભરાતા કહ્યું. '' શેઠ, હવે અમે રજા લઈએ.

''હા, પણ ઓધવજી મારી વાત ધ્યાનમાં રાખજો તમને એક મહિનાનો સમય આપું છું. એક મહિનામાં તમે મકાન ખાલી કરજો અથવા વેચાતું લેવા વિચાર જો''

''શેઠ હું તમને વિચારીને કહીશ ''

''આમા વિચારવાનું ન હોય સમજ્યા. આ મકાન ઉપર તો ઘણાની નજર છે એટલે જો તમારે ખરીદવું હોય તો એક મહિનાની મુદત આપું છું. ઉતાવળ કરજો આવી તક વારંવાર નહિ મળે. આ તો તમે જૂના ભાડુઆત છો એટલે તમને રાહત આપું છું. '' શેઠે કહ્યું.

''ઠીક શેઠ રજા લઈએ''

''સારું, પણ બને એટલો જલ્દી મને જવાબ આપજો '' શેઠે કહ્યું.

સારું... સારું... કહેતા ઓધવજી અને જમના શેઠના ઘરેથી બહાર નીકળ્યા પણ તેમના પગ ભારે થઈ ગયાને ધરતી પર સ્થિર થયા, પગમાં લોખંડની સાંકળ જડાઈ ગઈ હોય તેવું લાગ્યું. જમનાએ પતિનો હાથ પકડ્યોને ધીમે ધીમે હાલવા કહ્યું. ઓધવજી માંડ માંડ પગલાં ભરવા લાગ્યા.

તેમની આંખોમાંથી આંસુ પડવા લાગ્યા તે ગળગળા થઈ ગયા. જમનાએ જોયું તો તેનો પતિ હિંમત હારી ગયા છે આથી તેણીએ કહ્યું, ''તમે કાંઈ ચિંતા ન કરો ભગવાન બધા સારાવાના કરશે.''

''જમના ભાડાની સગવડ માંડ માંડ થઈ ત્યાં, શેઠે બીજો પડકાર ફેંક્યો આ ઘા આપણાથી સહન થઈ શકે તેમ નથી.''

(અનુસંધાન પાના નં. ૬ પર)

## આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

**૧૪મી મે**

### ગુજરાતના પ્રથમ રાજ્યપાલ મહેંદી નવાઝ જંગનો જન્મદિન

ગુજરાતના ગૌરવવંતા રાજ્યપાલ મહેંદી નવાઝ જંગનો જન્મદિન. રાજ્યના સ્થાપનાકાળના પ્રથમ રાજ્યપાલ. વહીવટી સેવાઓની નોંધ લઇને 'પદ્મભૂષણ' ખિતાબથી નવાજ્યા.

- ૧૭૯૬ની ૧૪મી એ શિતળાની રસીની શોધ કરી ડો. હેનરે.
- ૧૯૪૮ માં નવા યહૂદી રાજ્ય ઇઝરાયેલની સ્થાપના થઇ.
- ૧૪૭૩માં દ્વારકા

વિસ્તારમાં ચાંચીયાઓનું જોર વધ્યું. ૧૪-૫-૧૪૭૩માં મહંમદ બેગડો દ્વારકા પહોંચ્યો. ચાંચીયાઓને અંકુશમાં લીધા.